મહત્તમ : ૨૯.૦ ડીગ્રી
લઘુતમ : ૧૭.૮ ડીગ્રી
ભેજ
સવારે ૮૧ ટકા ● સાંજે ૪૫ ટકા

ગાંધીનગર તાપમાન

ગાંધીનગરમાં ઈન્ટરનેટ સુવિધામાં ધાંધીયા

ગાંધીનગર, તા.૬

ગાંધીનગરમાં દિવસે દિવસે નવા ફેરફારો થતા આવ્યા છે અને હજી પણ થશે તેમ મનાઈ રહ્યું છે. પહેલા ફકત સરકારી અધિકારીઓની નગરી ગણાતું ગાંધીનગર હવે યુવાનોથી લઈ વૃધ્ધો સુધીનું નવી નવી પ્રવૃત્તિ અને બિઝનેસ ડેવલપ કરતું નગર બન્યુ છે. દરેક કપડાની બ્રાન્ડથી લઈ ફૂડની ફેમસ બ્રાન્ડ પણ હવે ગાંધીનગરમાં છે કહેવાયને કે અપગ્રેશન વધી રહ્યું છે. લેન્ડલાઈનની જગ્યાએ ફોન મોબાઈલ આવ્યા અને તેમાં હવે ઈન્ટરનેટ પણ આવ્યું. પહેલા નેટ સર્ફીંગ માટે સાયબર કેફે જવું પડતું હવે દરેકના ફોનમાં ઈન્ટરનેટ છે. ફોન પણ હવે ખૂબ જ સસ્તા દરે થાય છે. પરંતુ શહેરીજનોને અહીં નેટવર્કની સમસ્યા સતાવી રહી છે. વોડાફોન, એરટેલ અને બીએસએનએલ સાથે હવે જીઓના સીમકાર્ડમાંથી કોઈ પણ એક કે બે કંપનીના સીમકાર્ડ શહેરીજનો દ્વારા માથાદીઠ વપરાય છે. પરંતુ નેટવર્કની સમસ્યા એટલી હદે વધી ગઈ છે કે આ ચારેયમાંથી એક પણ કંપનીના નેટવર્ક-જૂના સેકટરો કે નવા સેકટરોમાં સરખી રીતે આવતા નથી. ફોન અચાનક કટ થઈ જાય છે અને ઈન્ટરનેટની સ્પીડ ફોરજીની જગ્યાએ માંડ ત્રીજીની આવે છે. બ્રોડ બેન્ડની કંપનીઓ દ્વારા ઘરે ઘરે આજે બ્રોડ બેન્ડ ઈનસ્ટોલ કરાયા છે પણ તેમાંય અઠવાડીયે ફરિયાદ હોય છે. તેમાંય જીટીપીએલનું સર્વર તો વારે વારે ડાઉન જ રહે છે. સરગાસણ વિસ્તારમાં જીટીપીએલ બ્રોડ બેન્ડની સમસ્યા સૌથી વધુ વકરી છે. જાણે કે, જીટીપીએલ દ્વારા ગ્રાહકો સાથે છેતરપીંડી થઈ રહી હોય તેમ લાગી રહ્યું છે. દર બે થી ત્રણ દિવસે નેટવર્ક જવા સાથે આખો આખો દિવસ ઈન્ટરનેટ સર્વિસ જ બંધ રહે છે. ત્યાંના રહેવાસીઓ ફરિયાદ કરે તો સર્વર ડાઉન છે અથવા તો આગળથી જ નેટવર્ક નથી તો અમે શું કરીએ સાથે સીસ્ટમમાં પ્રોબ્લેમ હશે તેવી વાતો કરીને એજન્ટો વાતને ટાળી દે છે. મોબાઈલ નેટવર્ક વિશે ખાસ એરટેલ અને વોડાફોનની ફરિયાદ આખા શહેરમાં છે. કસ્ટમર કેરમાં ફોન કરતા એક-બે દિવસમાં પ્રોબ્લેમ સોલ્વ થઈ જશે તેવા જવાબ અથવા ત્યાંના એરીયામાં ટાવર નથી અને તમારા એરીયાથી મોબાઈલ ટાવર દૂર છે તેમ કહીને વાત ટાળી દેવામાં આવી રહી છે. આજના ઈન્ટરનેટના યુગમાં જો આમને આમ મોબાઈલ નેટવર્કની તકલીફ રહી તો શહેરીજનોના અડધા કામ અટકી જશે.



ગાંધીનગરના આંગણે ઉજવાતો 'વસંતોત્સવ' દૂર દૂર સુધી ખ્યાતિ પામ્યો છે. ગાંધીનગર ઉપરાંત આસપાસના વિસ્તારોના મુલાકાતીઓ 'વસંતોત્સવ'ની રાહ જોતા હોય છે. આ કાર્યક્રમના છેલ્લા દિવસે ગાંધીનગરના 'રાગા' ગ્રુપે પોતાની ઉત્તમ કૃતિ રજૂ કરી હતી.

લાયોનેસ કલબ દ્વારા ૮મીએ સરકારી શાળાના વિદ્યાર્થીઓ માટે ક્રિકેટ ટૂર્નામેન્ટ

ગાંધીનગર, તા.૬

લાયોનેસ કલબ ઓફ ગાંધીનગર દ્વારા મહિલા સશકિતકરણના ભાગરૂપે તા. ૮ માર્ચના રોજ સે-૧૩ સરકારી શાળામાં અભ્યાસ કરતા શ્રમજીવી પરિવારના વિદ્યાર્થીઓ માટે ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન સે-૨૦ સ્થિત ચિલ્ડ્રન યુનિવર્સિટી ખાતે કરવામાં આવ્યું છે. ઉલ્લેખનીય છે કે છેલ્લા ૩૫ દિવસથી લાયોનેસ કલબના પ્રમુખ દક્ષા જાદવ તથા પ્રોજેકટ ચેરમેન ચંદાબેન યાદવના માર્ગદર્શન હેઠળ શાળાના દરેક વિદ્યાર્થીઓને ક્રિકેટની તાલીમ આપવામાં આવી રહી છે. આ ટૂર્નામેન્ટના દિવસે સેમીફાઈનલ અને ફાઈનલ એમ બે મેચ રમાડવામાં આવશે. મેચની શરૂઆત સવારે ૮ વાગ્યાથી થશે અને મેચમાં ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને ઈનામ અને વિજેતા ટીમને ટ્રોફી આપી સન્માનિત કરવામાં આવશે. આ ઉપરાંત લાયન્સ કલબના ભૂતપૂર્વ પ્રમુખ ઈલાબેન જોષી દ્વારા ક્રિકેટમાં ભાગ લેનાર તમામ બાળકોને સ્પોર્ટ શુઝ અને ડ્રેસ આપવામાં આવશે તેમ સંસ્થાના પ્રમુખ દક્ષાબેન જાદવ દ્વારા જણાવાયું છે.

મધુર ડેરી દ્વારા મહિલા દિવસની ઉજવણી મોકૂફ

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. મધુર ડેરી દ્વારા તા. ૮ માર્ચના રોજ કરવામાં આવનાર આંતરરાષ્ટ્રીય મહિલા દિનની ઉજવણી નેશનલ એડવાયઝરી મુજબ કોરોના વાયરસ ફેલાવવાના ભયથી પ્રવર્તમાન આરોગ્ય જાળવણી અને સરકાર દ્વારા આપેલી ચેતવણીને ધ્યાનમાં રાખી સક્ષમ બાળ સક્ષમ મહિલા દિવસની ઉજવણી મુલતવી રાખવામાં આવી છે તેમ સંસ્થાના મેનેજીંગ ડાયરેકટર મનોહરસિંઘ પી. ચૌહાણ દ્વારા જણાવાયું છે.

ગુજરાત વિદ્યાપીઠ સાદરા ખાતે વિશ્વ મહિલા દિવસ ઉજવાયો

ગાંધીનગર, તા.૬

વિજ્ઞાન અને પ્રયોજીત વિજ્ઞાન વિદ્યાશાખા, ગૃહ વિજ્ઞાન વિભાગ ગુજરાત વિદ્યાપીઠ સાદરા ખાતે વિશ્વ મહિલા દિનની ઉજવણી કરવામાં આવી હતી. જે અંતર્ગત કલ્યાણપુરા ખાતે ફૂડ પ્રોસેસિંગ ટેકનોલોજીના વિદ્યાર્થીઓ તથા કલ્યાણપુરા ગામના વિદ્યાર્થીઓ દ્વારા રેલી તથા સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા હતા. કાર્યક્રમની થીમ અતીતનો ઉત્સવ ઓર ભવિષ્યની યોજના ઉપર ચર્ચા કરી કાર્યક્રમમાં ઉપસ્થિત મહિલાઓને બિરદાવવામાં આવી હતી. આ કાર્યક્રમમાં સંસ્થાના ડીન, વિભાગીય અધ્યક્ષ, ગામના આગેવાનો, શાળાના શિક્ષકો, ગ્રામજનો, તલાટી ખાસ ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું આયોજન ઉષાબેન, જયશ્રીબેન, પારૂલબેન, નેહુલભાઈ અને નીતાબેન દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનું સંચાલન અને આભારવિધિ વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવી હતી.

વાવોલની વૈદેહી રેસીડેન્સીના વીજડીપીમાં ધડાકો થતાં વીજ ઉપકરણોને નુકશાન

સોસાયટીના રહીશોના સાતેક ટીવી, પાંચેક ફ્રિજ તથા પાંચ જેટલા આરઓ પ્લાન્ટ સહિતના વીજ ઉપકરણોને નુકશાન થયાનો અંદાજ

ગાંધીનગર, તા.૬

વાવોલની વૈદેહી રેસિડેન્સી સોસાયટી ખાતે આજે સવારે અચાનક સોસાયટીની બહાર લાગેલ વીજ ડીપીમાં ધડાકો થયો હતો. જેના પગલે સોસાયટીમાં આશરે સાતેક ટીવી, પાંચેક રેફ્રિજરેટર્સ અને પાંચેક આરઓ વૉટર પ્લાન્ટ બળી ગયા હોવાનું જાણવા મળ્યું છે. જો કે મોડી સાંજ સુધી વીજડીપી રીપેર થયું ના હોવાથી સોસાયટીના રહીશોને ખરેખર કેટલું નુકશાન થયું છે તેનો અંદાજ મેળવી શકાયો નહોતો.

ગાંધીનગરના ગુડા વિસ્તાર વાવોલમાં વાદળ-વિજળી-વાવાઝોડાં કે વરસાદ જેવી સ્થિતિમાં વારંવાર લાઈટો ગુલ થવાની સમસ્યા તો બહુ જુની છે પરંતુ આજે સવારે તદ્દન નિર્મળ વાતાવરણમાં અચાનક વૈદેહી રેસિડેન્સી સોસાયટીને વીજપુરવઠો પુરો પાડતા વીજડીપીમાં ધડાકો થવા પામ્યો હતો અને આ ધડાકાને પગલે સોસાયટીના રહીશોના ઘરે ટીવી, ફ્રીજ તથા આરઓ વૉટર પ્લાન્ટ સહિતના વિવિધ વીજ ઉપકરણોને ભારે નુકશાન થયું હોવાનું જાણવા મળ્યું છે. આ ઘટનાથી હતપ્રભ થયેલા રહીશોએ ઉત્તર ગુજરાત વીજ કંપનીને ઘટનાની જાણ કરી હતી અને મોડી સાંજે વીજડીપી બદલવાની કામગીરી હાથ ધરાઈ હતી. ત્યાં સુધી દિવસ દરમિયાન સોસાયટીમાં વીજ પુરવઠો બંધ રહ્યો હતો. વીજડીપી બદલવાની કામગીરી પૂર્ણ થયા બાદ વીજ પુરવઠો ચાલુ થાય પછી સોસાયટીના રહીશોને ખરેખર કેટલું નુકશાન થયું છે તેની માહિતી પ્રાપ્ત થઈ શકે તેવું સોસાયટીના એક રહીશે જણાવ્યું હતું.

ઘ-૫ પાનના ગલ્લા ખાતે મારામારીના દૃશ્યો સર્જાયા

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર શહેરના ઘ-૫ સર્કલ નજીક આવેલા પાનના ગલ્લા પર રૂપીયાની લેતી-દેતીમાં છૂટા હાથની મારામારીના દ્રશ્યો સર્જાયા હતા. મારામારીને પગલે દોડધામ મચી ગઈ હતી. બનાવ અંગે સે-૨૧ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે તપાસ શરુ કરી છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ સેકટર-૨૬ કિશાનનગર ખાતે રહેતા ઘનશ્યામભાઈ શામળભાઈ પટેલે તેમના મિત્ર શૈલેશભાઈ સાથે મળીને કલ્પેશ નાનજીભાઈ ચૌધરી (રહે.કોમલપુર વિસનગર) પાસેથી ૩ લાખ ઉછીના લીધા હતા. પૈસા લેવા માટે ઘ-૫ ખાતે ગલ્લો ધરાવતો અભુભાઈ દેસાઈ વચ્ચે રહ્યો હતો. ઉછીના લીધેલા રૂપીયામાંથી ફરીયાદીએ ૨.૭૦ લાખ ચુકવી દીધા હતા. અને બાકીના રૂ.૩૦ હજાર આપવા માટે તેઓ ઘ-૫ ખાતે ગયા હતા. જયાં ગલ્લા પર અભુ અને કલ્પેશ બંન્ને હાજર હતા. ફરીયાદીના આક્ષેપ મુજબ તેઓએ ૩૦ હજાર રૂપીયા આપીને પોતાનો ચેક પરત માંગતા કલ્પેશ ચૌધરી ઉશ્કેરાઈ ગયો હતો. તેણે અપશબ્દો બોલીને ફરીયાદીને ગડદાપાટુનો માર માર્યો હતો. આ સમયે અભુ પણ ધોકો લઈને આવી ગયો અને ફરીયાદીને મારમાર્યો હતો. જેથી મારામારીને પગલે સ્થાનિકોએ વચ્ચે પડીને ફરીયાદીને છોડાવ્યો હતો. કલ્પેશ ચૌધરીએ જતા જતા ફરીયાદીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ફરીયાદી સિવિલમાં સારવાર મેળવી લીધા બાદ ખીસ્સામાં જોયુ તો ૨૦ હજાર રોકડા હતા નહી અને ગળા માં પહેરેલો સોનાનો દોરો પણ ન હતો. જેથી પૈસા અને સોનાનો દોરો ઝઘડમાં ક્યાંક પડી ગયાની ફરીયાદીને શંકા છે.બનાવ અંગે કલ્પેશ ચૌધરી અને અભુ દેસાઈ સામે ફરીયાદ નોંધાવતા પોલીસે તપાસ શરુ કરી છે.

કોરોના વાયરસને પગલે સિવિલમાં સ્પેશ્યલ વોર્ડ તૈયાર

૩૦ બેડ અને વેન્ટીલેટર સહિત મેડીકલની ટીમ રાઉન્ડ ધ કલોક તૈનાત

ગાંધીનગર, તા. ૬

ચીન અને દુનિયાભરના ૮૬ દેશમાં ભારે હાહાકાર મચાવનાર કોરોના વાયરસનો ભય હવે ભારતમાં પણ ફેલાયો છે. ભારતના વિવિધ રાજયમાં પણ કોરોના વાયરસના દર્દીઓ છુટાછવાયા જોવા મળ્યા છે. ગુજરાત રાજયના આરોગ્ય વિભાગે પણ કોરોના વાયરસને લઈ તકેદારીના પગલા લીધા છે. કોરોના વાયરસને લઈ આરોગ્ય તંત્ર પણ સજ્જ થઈ ગયું છે. ત્યારે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં પણ ખાસ ૩૦ બેડ ધરાવતો આઈસોલેશન વોર્ડ તૈયાર કરાયો છે. જેમાં વેન્ટીલેટરની સુવિધા ધરાવતા વોર્ડમાં મેડીકલ ઓફિસર, નર્સિંગ સ્ટાફ, સહિતની ટીમ ખડે પગે હાજર રહેશે.સિવિલના અંતરંગ સુત્રો દ્વારા મળતી માહિતી મુજબ કોરોના વાયરસને લઈ ગાંધીનગર સિવિલ હોસ્પિટલ તંત્ર પણ સજ્જ છે. સિવિલમાં ડી-૪ વિભાગમાં ખાસ સ્પેશ્યલ વોર્ડ ઉભો કરવામાં આવ્યો છે. આ વોર્ડમાં ખાસ વેન્ટીલેટર સહિત ૩૦ બેડની સુવિધા છે. આ વોર્ડ માટે નોડલ ઓફીસરની નિમણુંક પણ કરી દેવાઈ છે. જયારે વોર્ડમાં જરુરી મેડીસીન, સાધનો અને મેડીકલ ઓફિસર, નર્સિંગ સ્ટાફ, વર્ગ-૪ ના સ્ટાફ પણ હાજર રહેશે. જયારે વોર્ડને લઈ તમામ તૈયારીઓ પૂર્ણ કરી દેવામાં આવી છે. જયારે સિવિલ હોસ્પિટલમાં કોરોના વાયરસને લઈ ખાસ તકેદારીના પગલા પણ લેવામાં આવી રહ્યા છે. જયારે કોરોના અંગે અન્ય નાગરીકોને પણ જરુરી માહિતિ પુરી પાડવામાં આવે છે.

ભાટ ખાતે ભાડાનો બંગલો બારોબાર વેચી મારતા ચાર વ્યકિત સામે ફરીયાદ

ગાંધીનગર, તા.૬

ભાટ ખાતે વિદેશમાં રહેતા બંગલાના માલિકે બંગલો ભાડે આપ્યો હતો. ત્યારે ખોટી પાવર ઓફ એર્ટની તૈયાર કરી બંગલો વેચાણ કરી દીધો હતો. જેથી વડીલે અડાલજ પોલીસ મથકે ચાર શખ્સો સામે ફરીયાદ નોંધાવી છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ કમલેશભાઈ મુલચંદભાઈ શર્મા (ઉં.૭૦) નો દિકરો તરુણ પરિવાર સાથે છેલ્લા ૧૩ વર્ષથી અમેરીકા ખાતે રહે છે. જેના નામે ભાટ શિવમ બંગ્લોઝ ખાતે ૧૩ નંબરનો બંગલો તેમનો છે. આ મકાન ફરીયાદીએ મે-૨૦૧૯માં મુકેશ દિનાનાથ ગોસ્વામી (રહે.સમરથનગર હાસોલ)ને ૧૦૦ રૂપીયાના સ્ટેમ્પ પેપર પર ભાડા કરાર કરી ૧૨ હજારના ભાડે આપ્યું હતું. જો કે મુકેશ ગોસ્વામીએ ભાડા કરારની વિગતનો દુર ઉપયોગ કરીને માર્ચ-૨૦૦૩ ના રોજ ૧૦૦ ના સ્ટેમ્પ પેપર પર અમેરીકા ખાતે રહેતા મકાન માલિકના નામની ખોટી પાવર ઓફ એર્ટની તૈયાર કરી હતી. જેમાં કુલમુખત્યાર તરીકે રાજુ કાળુભાઈ ભરવાડ (રહે. પર લક્ષ્મી સોસાયટી વેજલપુર) નો પાવર બનાવ્યો છે.જે પાવરના પગલે જુલાઈ ૨૦૧૯ ના રોજ રાજુ ભરવાડે ગાંધીનગર સબ રજીસ્ટ્રારની ઓફિસમાં વેચાણ રજીસ્ટર દસ્તાવેજથી વેચી માર્યું હતું. આ મકાન અરુણકુમારે હરજીવનદાસ પટેલના (રહે.જયોતિદર્શન એપાર્ટમેન્ટ સેટેલાઈટ) નામે થયું હતું અને ત્યારબાદ અરુણકુમારે આ મકાન રૂ.૨૫.૫૦ લાખમાં વિષ્ણુભાઈ વિરમભાઈ રબારીને (રહે. રમેશદત્તની કોલોની સરદાર નગર) વેચાણ આપી દીધુ હતુ. જેને પગલે ખોટી પાવર ઓફ એર્ટની , ખોટી સહીઓ, અને પુરાવાના આધારે મકાન પચાવી પાડવાના ગુનામાં ચારેય વ્યકતિ સામે ફરીયાદ નોંધાવી છે.

મુવી હાઉસ

આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૨૧

બાગી-૩
૮.૩૫, ૧૦.૦૫, ૧૧.૦૦, ૧૧.૪૫, ૧.૧૫, ૨.૧૦, ૨.૫૫, ૪.૨૫, ૫.૨૦, ૬.૦૫, ૭.૩૫, ૮.૩૦, ૯.૧૫, ૧૦.૪૫

થપ્પડ
૪.૩૦

ગોળ કેરી (ગુજરાતી)
૧૨.૨૦, ૫.૨૫, ૭.૩૦, ૧૦.૩૦

શુભ મંગલ ઝયાદા સાવધાન
૧૦.૧૫

ભૂત પાર્ટ વન : ધ હોન્ટેડ શીપ
૧૧.૦૫

મલંગ
૧.૪૦

આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૧૬

બાગી-૩
૯.૦૫, ૯.૩૫, ૧૦.૪૫, ૧૧.૪૫, ૧૨.૧૫, ૧૨.૪૫, ૧.૫૫, ૨.૫૫, ૩.૫૫, ૫.૦૫, ૬.૦૫, ૭.૦૫, ૮.૧૫, ૯.૧૫, ૯.૪૫, ૧૦.૧૫

થપ્પડ
૬.૩૫

ગોળ કેરી (ગુજરાતી)
૧૧.૦૦, ૧.૪૫, ૪.૩૦, ૭.૧૫, ૧૦.૦૦

તાન્હાજી
૩.૧૫

પી.વી.આર, સિનેમેક્સ, સે-૧૧

બાગી-૩
૯.૦૦, ૧૦.૦૦, ૧૧.૧૫, ૧૨.૧૫, ૧.૧૫, ૨.૩૦, ૩.૩૦, ૪.૩૦, ૫.૪૫, ૬.૪૫, ૭.૪૫, ૯.૦૦, ૧૦.૦૦, ૧૧.૦૦

ગોળ કેરી (ગુજરાતી)
૧૦.૩૦, ૪.૦૦, ૯.૪૫

શુભ મંગલ ઝયાદા સાવધાન
૧.૧૫

થપ્પડ
૬.૪૫

મહિલા દિને જન્મ લેનાર દિકરીને ગીફટ અપાશે

ગાંધીનગર, તા.૬

દીક્ષા કિડસ સ્કૂલ અને દીવા દ્વારા વિશ્વ મહિલા દિન ઉજવણી નિમિત્તે તા. ૮ માર્ચના રોજ જન્મ થનાર દીકરીઓને ગીફટ આપવામાં આવશે. જન્મ લેનાર વાલીઓએ ૭૨૬૫૮૨૧૮૫૩ પર દીકરીનો ફોટો પાડી પુરા નામ અને સરનામા સાથે રજીસ્ટ્રેશન કરાવવા સંસ્થા દ્વારા જણાવાયું છે.

વિશ્વ મહિલા દિને નિઃશુલ્ક ફિઝીયોથેરાપી તથા ડાયાબિટીશ ચેકએપ કેમ્પ યોજાશે

ગાંધીનગર, તા.૬

વિશ્વ મહિલા દિન નિમિત્તે યુનાઈટેડ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા તા. ૮ માર્ચના રોજ સે-૭-બી ખાતે મહિલાઓમાં નિઃશુલ્ક ડાયાબિટીશ ચેકએપ તથા ફિઝીયોથેરાપી નિદાન કેમ્પ યોજાશે તેમ ટ્રસ્ટના ઉપપ્રમુખ હાર્દિક તલાટી દ્વારા જણાવાયું છે.

રવિવારે બહેનો માટે નિઃશુલ્ક રાયફલ શુટીંગ તાલીમ યોજાશે

ગાંધીનગર, તા.૬

આંતરરાષ્ટ્રીય મહિલા દિનની ઉજવણીના ભાગરૂપે બહેનો માટે વિના મૂલ્યે રાયફલ શુટીંગ તાલીમનું આયોજન કરવામાં આવ્યું છે. અટલબીઈંગ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા રાયફલ શુટીંગ, કરાટે, આર્ચરી અને કોમ્પ્યુટરની તાલીમ નિઃશુલ્ક આપવામાં આવશે. ભાગ લેવા ઈચ્છુક બહેનોએ અલ્પાબેનનો સંપર્ક દુકાન નં.૪, પ્રેસીડન્ટ કોમ્પ્લેક્ષ, સે-૧૧ ખાતે કરવા જણાવાયું છે.

ચિરવિદાય

- સ્વ. રામાભાઈ પુનાભાઈ લુહાર, ઉ.વ. ૪૦
- સ્વ. વાઘેલા ભીમસિંહ લક્ષ્મણસિંહ, ઉ.વ. ૬૨
- સ્વ. કપુર વિનોદભાઈ ઓમપ્રકાશ, ઉ.વ. ૫૦

અભિવ્યકિત-ગાંધીનગર કલ્ચરલ સંચાલિત સ્કૂલ ઓફ મ્યુઝિક અને સ્કૂલ ઓફ ડ્રોઈંગના તાલીમાર્થીઓ દ્વારા અભિવ્યકિત કાર્યક્રમ યોજાયો હતો. તાલીમ દરમિયાન મેળવેલ કલા કૌશલ્ય અંગે આ અભિવ્યકિત કાર્યક્રમ યોજાયો હતો. સંગીતના તાલીમાર્થીઓ દ્વારા પ્રસ્તુત કરાયેલ કલાકૃતિથી શ્રોતાઓ મંત્રમુગ્ધ બન્યા હતા. ડ્રોઈંગના તાલીમાર્થીઓએ બનાવેલા સુંદર ચિત્રોથી સૌ મુલાકાતીઓ પ્રભાવિત બન્યા હતા.